# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-09-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## AIIMS – માનસિક સ્વસ્થ્ય કાર્યક્રમ

અખિલ ભારતીય તબીબી વિજ્ઞાન સંસ્થા-**AIIMS,** નવી દિલ્હીએ ગઇકાલે વિદ્યાર્થીઓની આત્મહત્યાનો સામનો કરવા અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ સુધારવા માટે "નેવર અલોન" નામનો **AI-**આધારિત માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી કાર્યક્રમ શરૂ કર્યો છે.

વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ પર શરૂ કરાયેલ આ કાર્યક્રમ, વોટ્સએપ દ્વારા સુલભ વેબ-આધારિત એપ્લિકેશન દ્વારા માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો સાથે 24 કલાક વર્ચ્યુઅલ અને ઑફલાઇન સલાહ પ્રદાન કરે છે. આ એપ્લિકેશન 5 હજાર વિદ્યાર્થીઓ ધરાવતી સંસ્થાઓ માટે પ્રતિ વિદ્યાર્થી માત્ર 70 પૈસાના દરે વ્યક્તિગત અને સુરક્ષિત માનસિક સ્વાસ્થ્ય તપાસ પૂરી પાડે છે.

---

## ગૃહ રાજ્યમંત્રી : જીવન આસ્થા હેલ્પલાઇન

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગુજરાત પોલીસની જીવન આસ્થા હેલ્પલાઈન પર ગત 10 વર્ષમાં દોઢ લાખથી વધુ ફોન આવ્યા છે. ગાંધીનગરમાં નગરગૃહ ખાતે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ગઇકાલે શ્રી સંઘવીએ કહ્યું, 'જીવન આસ્થા'ના 1800 233 3330 નંબરને પણ ઇમરજન્સી નંબર-112 સાથે જોડવાની દિશામાં વિચારણા છે.

---

# નેપાળથી ગુજરાતીઓને પરત લાવવા પ્રયાસ

નેપાળમાં વિરોધ પ્રદર્શન વચ્ચે ફસાયેલા ગુજરાતના પ્રવાસીઓને સલામત રીતે પરત લાવવા સરકાર પ્રયાસ કરી રહી છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાજ્યનું વહીવટી તંત્ર વિદેશ મંત્રાલય સાથે સતત સંપર્કમાં છે. કોઈ પણ ગુજરાતી પ્રવાસીને મુશ્કેલી ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------------------

# CM – નિ:શુલ્ક યોગ –બોડી ચેકઅપ

વડાપ્રધાનના “મન કી બાત” માં મેદસ્વિતાથી મુક્ત બની સ્વસ્થ રહેવાના આહ્વાનને ઝીલીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે “સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત” અભિયાન શરૂ કર્યું. જે અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા. ૧૭મી સપ્ટેમ્બરથી એક મહિના સુધી રોજ સવારે નિ:શુલ્ક યોગ અભ્યાસ, આહાર વિહારની સંપૂર્ણ માહિતી સાથે આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોના નિ:શુલ્ક બોડી ચેકઅપ અને નિષ્ણાંતો દ્વારા કાઉન્સિલિંગ કરવામાં આવશે.

નિઃશુલ્ક યોગ શિબિરમાં જોડાવવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના 8160760215 નંબર પર સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરાવી શકાશે એમ એક યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------

# રાજ્ય વિધાનસભા –ચોમાસુ સત્ર

15-મી ગુજરાત વિધાનસભાના સાતમા ચોમાસું સત્રનો ગઇકાલે ત્રીજો અને અંતિમ દિવસ હતો. ગૃહમાં ભારતના નિયંત્રક અને મહાલેખા પરિક્ષક-**CAG**નો અહેવાલ રજૂ કરાયો. ઉપરાંત ત્રણ ખરડા ગૃહમાં રજૂ કરાયા. ત્રણ દિવસના સત્ર દરમિયાન સભાગૃહમાં મૌખિક જવાબ માટેના કુલ એક હાજર 225 તારાંકિત પ્રશ્નના જવાબો ગૃહમાં રજૂ થયા. તે પૈકી કુલ 29 પ્રશ્ન પર ગૃહમાં મૌખિક ચર્ચા થઈ.

ગૃહમાં આ સત્ર દરમિયાન કુલ પાંચ સરકારી ખરડા પસાર થયા. તેમજ ઑપરેશન સિન્દૂરની સફળતા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવવા અંગેના સરકારી પ્રસ્તાવ પણ સર્વાનુમતે પસાર કરાયો.

----------------------------------------------------------------------------------------

## વિધાનસભામાં કારખાના ધારા ખરડો

રાજ્ય વિધાનસભા ગૃહમાં ગઇકાલે કારખાના ધારા ગુજરાત સુધારા ખરડો 2025 સર્વાનૂમતે પસાર કરાયો. આ વિધેયક રજૂ કરતા શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું, આ સુધારાથી મહિલાઓને રાત્રિપાળીમાં તેમની સંમતિથી કાયદેસર કામ કરવાની તક મળશે. તેમણે મહિલા શ્રમયોગીઓને સમાનતા, વ્યવસાય, સ્વતંત્રતા, આર્થિક ઉપાર્જન કરવાનાં બંધારણીય અધિકારને ધ્યાને રાખી આ ખરડાને મહત્વનો નિર્ણય ગણાવ્યો.

----------------------------------------------------------------------------------------

## એશિયા કપ – ક્રિકેટ જંગ

એશિયા કપ ક્રિકેટ જંગની પ્રથમ મેચમાં ભારતે યજમાન સંયુક્ત આરબ અમીરાતને 9 વિકેટે હરાવી આસાન વિજય મેળવી વિજયી આરંભ કર્યો હતો. દુબઇ ખાતેની મેચમાં સંયુક્ત આરબ અમીરાતની ટીમ માત્ર 57 રનમાં આઉટ થઈ ગઈ હતી. ભારતે 4 પોઇન્ટ ત્રણ ઓવર એટલે કે માત્ર 27 બોલમાં એક વિકેટ ગુમાવી 60 રન કરી મેચ સરળતા થી જીતી લીધી હતી.

----------------------------------------------------------------------------------------

## PGVCL દ્વારા વીજપુરવઠો પુન: સ્થાપિત

૭ સપ્ટેમ્બરની રાતથી અવિરત પડેલા ભારે વરસાદથી ભુજ, ખાવડા, કુકમા, ભુજોડી, દેશલપર, નખત્રાણા, રવાપર, કોઠારા, નલીયા, દયાપર, મુન્દ્રા, માંડવીના વિસ્તાર સહિત ગ્રામ્ય વિસ્તારોના **PGVCL** ના ૧૬ **JGY** ફીડરો બંધ થઈ ૮૮ ગામોમાં વીજ પ્રવાહ ખોરવાયો હતો

ત્યારે કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ ભુજ પીજીવીસીએલની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી.

**PGVCL**ના અધિકારીઓ**,** લાઇન સ્ટાફ તથા કોન્ટ્રાક્ટરોએ વરસાદની સ્થિતિ વચ્ચે મિશન મોડમાં કામગીરી કરીને બધા જ **JGY** ફીડરો તથા બધા અસરગ્રસ્ત ગામોમાં વીજ પુરવઠો પુન:સ્થાપિત કર્યો હતો. પીજીવીસીએલની ટીમે સંયુક્ત રીતે કામગીરી કરીને કપરી પરિસ્થિતિમાં પણ થાંભલાઓ ઉભા કરી વીજ પ્રવાહ પુન: સ્થાપિત કર્યો હતો.

**------------------------------------------------------------------------------------------**

## કચ્છમાં આરોગ્ય વિભાગની કામગીરી

કચ્છ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોનાં નાગરિકો માટે આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળાના અટકાયત માટે કામગીરી શરૂ કરવામાં આવી છે.

**------------------------------------------------------------------------------------------**